# ગ્રીસ ડિફોલ્ટર જાહેર થતાં વિશ્વભરમાં ખળભળાટ

એથેન્સ,તા. ૧

ગ્રીસ ધારણાપ્રમાણે જ આંતરારાષ્ટ્રીય નાણાં ફંડ અથવા તો ઈન્ટરનેશનલ મોનીટરી ફંડના ડિફોલ્ટર દેશ બની જતા વિશ્વના બજારોમાં ખળભળાટ મચી ગયો હતો. ગ્રીસ નક્કી કરવામાં આવેલી સમયમર્યાદાની અંદર દેવાના ૧.૫ અબજ યુરો અથવા તો આશરે ૧૦ ખર્ ૮૧ અબજ ૩૯ કરોડ ૪૬ લાખ ૫૦ હજાર રૂપિયા આઈએમએફને ચુકવી દેવામાં નિષ્ફળ રહ્યું છે. આની સાથે જ ડિફોલ્ટર જાહેર થનાર તે પ્રથમ વિકસિત દેશ બની ગયું છે. આઈએમએફના ફંડ પ્રવકતા ગેરી રાઈસે માહિતી આપતા કહ્યું હતું કે તેઓ જાહેરાત કરી રહ્યા છે કે નક્કી કરવામાં આવેલી મહેલત સુધી ગ્રીસ પાસેથી નાણાં મળ્યા નથી. તેમણે કહ્યું હતુ કે અમે પોતાના કારોબારી બોર્ડને માહિતી આપી છે કે ગ્રીસ પર અભૂતપૂર્વ દેવુ થઈ ગયું છે. ગ્રીસને હવે એ વખતે જ પૈસા મળી શકે છે જ્યારે તે બાકી દેવુ ચુકવી દેશે. આ અગાઉ ગ્રીસે યુરોપિયન યુનિયન સમક્ષ બેલઆઉટ ફાયનાન્સિયલ ડીલને વધારી દેવાની અપીલ કરી હતી પરંતુ તેની કોઈ અસર થઈ ન હતી. તેની ફાયનાન્સિયલ જરૂરીયાતોને પહોંચી વળવા માટે બે વર્ષના સહાય પેકેજની માંગ ગ્રીસ સરકાર દ્વારા યુરોપિયન પાર્ટનરો સમક્ષ કરવામાં આવી હતી. છેલ્લી ઘડીના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. યુરોપિયન સેન્ટ્રલ બેંકે ગ્રીસમાં ઈમરજન્સી ફંડિગને વધારી દેવાનો સાફ ઈન્કાર કર્યા બાદ લોકોની હાલત કફોડી બની હતી.પાટનગર એથેન્સ સહિત સમગ્ર ગ્રીસમાં રોકડ રકમની



કટોકટી પહેલાથી જ ઉભી થયેલી છે. એક તૃતિયાંશ એટીએમ ખાલીખમ થઈ ગયા છે. ગ્રીસમાં ઉભી થયેલી સ્થિતી માટે તે પોત જવાબદાર છે. અહીં સંસદીય ચૂંટણી માટે ડાબેરી સિરિઝા પાર્ટી એવા વચન સાથે સત્તામાં આવી હતી કે સરકાર બનતાની સાથે જ રાહત પેકેજની શરતોને ફગાવી દેવામાં આવશે. જેના કારણે લોકોની તકલીફ વધી ગઈ હતી. ૨૦મી ફેબ્રુઆરીના દિવસે યુરોપિયન યુનિયનના અધિકારીઓ સાથે વાતચીત દરમિયાન ગ્રીસે રોકડ રકમ અને લોન મેળવી લેવાના પ્રયાસ કર્યા હતા. આ બેઠકમાં સાત અબજ યુરોની માંગ કરવામાં આવી હતી પરંતુ યુનિયને આ માંગ ફગાવી દીધી હતી. પાંચમી જુલાઈના દિવસે જનમત સંગ્રહ કરાવવાની અપીલ કરવામાં આવી હતી. ગ્રીસને તેના દ્વારા લેવામાં આવેલા નિર્ણય ભારે પડી રહ્યા છે. વર્ષ ૨૦૦૧માં ગ્રીસ યુરોઝોન સાથે જોડાઈ ગયુ હતુ. ત્યારબાદ આશા હતી કે લોન મેળવી લેવામાં સફળતા મળશે પરંતુ તેના આ નિર્ણય ભારે પડ્યા હતા. વર્ષ ૨૦૦૪માં એથેન્સમાં ઓલિમ્પિક રમતોનુ આયોજન કરાયુ હતુ. ગ્રીસને યુરોઝોનને જંગી નાણાં મળ્યા હતા. ગ્રીસે આ ગાળા દરમિયાન ૧૨ અબજ ડોલર ખર્ચ કરી દીધા હતા. વર્ષ ૨૦૧૦માં યુરોઝોન, યુરોપિયન સેન્ટ્રલ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ દ્વારા ૧૦ અબજ યુરોનુ રાહત પેકેજ આપ્યું હતુ. ડિસેમ્બર ૨૦૧૩માં અન્ય રાહત પેકેજ પણ મળ્યું હતુ. જે ૧૩૦ અબજ ડોલરનુ હતુ. વર્ષ ૨૦૧૪માં ગ્રીસે ફરી હાથ લંબાવીને મદદ માંગી હતી. જાન્યુઆરી ૨૦૧૫ અને માર્ચ ૨૦૧૬ વચ્ચે ૮.૨ અબજ યુરો આપવા માટે સહમતી થઈ હતી.વધારે પડતી રકમ લેવાને કારણે તેની હાલત સતત ખરાબ થતી ગઈ હતી. વર્ષ ૨૦૧૫માં સ્થિતિ ચિંતાજનક બની ગઈ હતી. અંતિમ સમયમાં આઈએમએફ પાસેથી ચુકવણીની અવધિ વધારવા માટે અપીલ કરવામાં આવી હતી. ગ્રીસને આંતરરાષ્ટ્રીય સમય મુજબ ગઈકાલ રાત્રે ૧૦ વાગ્યા સુધી નાણાની ચુકવણી કરવાની જરૂર હતી પરંતુ નાણા ચુકવવામાં ગ્રીસ નિષ્ફળ ગયું હતું. ફંડની ચુકવણી ઉપર એયિર્સમાં પણ તે મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. અગાઉ ૨૦૦૧માં ઝિમ્બાબ્વે પણ આ સ્થિતિમાંથી પસાર થઈ ચુક્યું છે. ગ્રીસ દ્વારા છેલ્લીઘડીના પ્રયાસો કામ લાગ્યા ન હતા. યુરોઝોન કટોકટી માટે સ્થિતિ ગંભીર બની ગિ છે. જો ગ્રીસ નાદાર થશે અને ૧૯ દેશોના યુરો ઝોનમાંથી નિકળવાનો નિર્ણય કરશે તો પરિસ્થિતિ આ પ્રદેશમાં અસ્થિરતા સર્જી દેશે. ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ દ્વારા ડિફોલ્ટ શબ્દનો ઉપયોગ કર્યો નથી. ગ્રીસ ડેડલાઈન મુજબ સમય ચુકવી ન હોવા છતાં ડિફોલ્ટ શબ્દનો ઉપયોગ કરાયો નથી. ક્રેડિટ રેટિંગ સંસ્થાઓ પણ હવે આઈએમએફ પેમેન્ટ ચુકવી દેવામાં નિષ્ફળ રહેતા તેને ડિફોલ્ટ તરીકે ગણશે નહીં. જો કે, સ્ટાન્ડર્ડ એન્ડ પુવર્સ રેટિંગ એજન્સીએ કહ્યું છે કે, જો તે નાણા ચુકવવામાં નિષ્ફળ રહેશે તો ડિફોલ્ટ તરીકે જ રહેશે. ગ્રીસમાં લોકોની હાલત હજુ પણ કફોડી બનેલી છે. યુરો ઝોનમાં રહેલા અન્ય દેશો પોર્ટુગલ, આયર્લેન્ડ અને સ્પેન જેવા દેશોમાં પણ કટોકટી ઉભી થઈ શકે છે. આ લોકોએ અર્થતંત્રમાં સુધારા કરવા હજુ યોગ્ય પગલા લીધા નથી.

**રિફંડ દાવા દાખલ કરવાનો સમય ઘટાડીને ૧૦ દિવસ કરાયો**

## સુધારવામાં આવેલા રેલવે ટિકિટ રિફંડના નિયમ અમલી બનાવાયા

નવી દિલ્હી,તા.૧

સુધારવામાં આવેલા રેલવે ટિકિટ રિફંડના નવા નિયમો આજથી અમલી બની ગયા હતા. રદ કરવામાં આવેલી રેલવે ટિકિટના રિફંડને લઈને નિયમોમાં સુધારો કરવા છેલ્લા ઘણા સમયથી માંગ થઈ રહી હતી. આજથી નવા નિયમો અમલી બની ગયા છે. વેઈટિંગ લિસ્ટમાં રહેલા યાત્રીઓને વહેલીતકે કન્ફર્મેશનની સુવિધાનો હેતુ આની પાછળ



રાખવામાં આવ્યો છે. ૨૫મી જૂનના દિવસે રેલવે મંત્રાલય દ્વારા તેના રિફંડના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા હતા જે હેઠળ યાત્રીઓને મહત્તમ રિફંડ મેળવવા પ્રવર્તમાન ૨૪ કલાકના બદલે પ્રવાસના ૪૮ કલાક પહેલા તેમના કન્ફર્મ્ડ ટિકિટ આપી દેવામાં આવશે. યાત્રી ભાડાના ૨૫ ટકાના કેન્સલેશન ચાર્જ સાથે રિફંડ મેળવવા માટે યાત્રીઓને ૪૮ કલાકની અંદર તેમના કન્ફર્મ્ડ ટિકિટ રદ કરાવવા પડશે અથવા તો પ્રવર્તમાન ચાર કલાકની સામે ટ્રેન રવાના થયા તેના ઓછામાં ઓછા છ કલાક પહેલા ટિકિટ રદ કરાવી પડશે. ભાડા કપાતની આજ રકમ માટે સમય માટે એક જ વિન્ડો રહેશે જે ૨૪ કલાકથી ચાર કલાક પહેલા સુધી સક્રિય રહેશે. રેલવે દ્વારા એસી, ફર્સ્ટ ક્લાસ, એક્ઝિક્યુટીવ ક્લાસ માટે ૧૨૦ રૂપિયાનાફ્લેટ રેટ લઘુત્તમ પ્રતિયાત્રી કેન્સલેશન ચાર્જ રાખવામાં આવ્યો છે જ્યારે એસી-૨ ટાયર, ફર્સ્ટક્લાસ માટે ૧૦૦ રૂપિયા એસી થ્રી ટાયર માટે ૯૦ રૂપિયા, ઈકોનોમિ અને ચેરકાર માટે ૯૦ રૂપિયા તથા સ્લીપર ક્લાસ માટે ૬૦ રૂપિયા અને સેકન્ડ ક્લાસ માટે ૩૦ રૂપિયા રાખવામાં આવ્યા છે. જો ટિકિટ ટ્રેનની નિર્ધારિત રવાનગીના છ કલાક પહેલા કેન્સલેશન માટે ટિકિટ અપાશે તો કેન્સલેશન ચાર્જ ચાર્જના લઘુત્તમ ભાડાની સમકક્ષ ૫૦ ટકા સુધી રહેશે. જુના નિયમો જે ૩૦મી જુન સુધી માન્ય હતા તેમાં અંતર ૫૦૦ કિલોમીટર અથવા તો વધારે રહેતો ટ્રેનની રવાનગી બાદ ૧૨ કલાક સુધી ટ્રેનના ટિકિટ કેન્સલેશનને મંજુરી આપવામાં આવેલી છે. નવા નિયમો મુજબ ટ્રેનના વાસ્તવિક રવાનગી સમયના બે કલાક બાદ ટિકિટ કેન્શનલેશન માટે આપવામાં આવશે તો રિઝર્વ ટિકિટ ઉપર કોઈ રિફંડ મળશે નહીં. નવા નિયમ હેઠળ રિફંડ ક્લેઈમના દાવા કરવા માટેનો સમય પ્રવર્તમાન ૯૦ દિવસથી ઘટાડીને ટ્રેનની રવાનગીના ૧૦ દિવસનો કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ આરએસી ટિકિટ અથવા તો વેઈટિંગ લિસ્ટમાં રહેલા લોકોને પણ કેટલાક નિયમો પાળવા પડશે.

## કોપા અમેરિકા : આર્જેન્ટિના અને ચીલી વચ્ચે જંગ ખેલાશે

સેન્ટીઆગો,તા. ૧

કોપા અમેરિકા કપ ફુટબોલની બીજી સેમીફાઇનલમાં આર્જેન્ટિનાએ પરાગ્વેને ૬-૧થી કચડી નાંખીનેફાઇનલમાં આગેકુચ કરી લીધી હતી. હવે ફાઇનલમાં આર્જેન્ટિના શનિવારના દિવસે યજમાન ચીલી સામે ટકરાશે. આ મેચ હાઇ પ્રોફાઇલ બને તેવા સંકેત દેખાઇ રહ્યા છે. ગયા વર્ષે વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાની ટીમ રનર્સ અપ રહી હતી. આર્જેન્ટિના હવે કોપા અમેરિકા કપમાં ૨૨ વર્ષ બાદ તાજ જીતવા માટે ફેવરીટ છે. આર્જેન્ટિના તરફથી એન્જેલ ડી મારિયોએ બે ગોલ કર્યા હતા. જ્યારે માર્કોસ રોજો, ઝેવિયર પાસ્ટોર, એગુરો અને ગોન્ઝાલોએ એક એક ગોલ કર્યા હતા. અગાઉ ગઇકાલે પ્રથમ સેમીફાઇનલમાં યજમાન ચીલીએ ૧૦ ખેલાડીઓ સાથે રમી રહેલી પેરુની ટીમ ઉપર ૨-૧થી જીત મેળવીને ફાઇનલમાં આગેકૂચ કરી લીધી હતી. આની સાથે જ યજમાન ચીલીએ પ્રથમ વખત દક્ષિણ અમેરિકન કપ કોપા અમેરિકાનો તાજ જીતી લેવાની આશા જીવંત રાખી છે. ચીલી તરફથી સ્ટાર સ્ટ્રાઈકર એડુઆર્ડો વર્ગાસે બે ગોલ ફટકારીને ચીલીની આશાને જીવંત રાખી હતી. વર્ગાસે એક પછી એક ગોલ ફટકાર્યા હતા. વર્ગાસે લાંબા અંતરથી ૬૪મી મિનિટમાં ગોલ ફટકાર્યો હતો અને પોતાની ટીમનો પ્રથમ કોપા અમેરિકાની ફાઇનલમાં સ્થાન અપાવી દેવામાં સફળતા મેળવી હતી. ચીલી ૨૮ વર્ષમાં પ્રથમ વખત કોપા અમેરિકાની ફાઇનલમાં પહોંચી ગઈ છે. પેરુ ત્રીજી વખત કોપા અમેરિકા કપ જીતવાના પ્રયાસમાં હતું પરંતુ તેની આશા પર પાણી ફરી વળ્યું હતું. પેરુએ ૧૯૭૫ બાદથી કોપા અમેરિકા કપમાં જીત મેળવી નથી. પેરુની ટીમ ૨૦૧૧માં સેમીફાઇનલમાં હારી ગઈ હતી. બીજીબાજુ ચીલીની ટીમ છેલ્લે ૧૯૮૭માં કોપા અમેરિકા કપની ફાઇનલમાં પહોંચી હતી. પરંતુ તે વખતે તે ઉરુગ્વે સામે હારી ગઈ હતી.બ્રાઝિલ પહેલાથી જ આઉટ થઈ ચુક્યું છે. કોલંબિયાની ટીમ પણ બહાર થઈ ચુકી છે.

## અમરનાથ યાત્રા આજથી વિધિવત શરૂ : લાખો શ્રદ્ધાળુઓ ઉત્સાહિત

જમ્મુ,તા. ૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે વાર્ષિક અમરનાથ યાત્રા આવતીકાલથી શરૂ થઈ રહી છે. જે ૫૯ દિવસ સુધી ચાલનાર છે. અમરનાથ યાત્રા માટે હજુ સુધી બે લાખથી વધારે શ્રદ્ધાળુઓ તેમની નોંધણી કરાવી ચુક્યા છે.દરમિયાન અમરનાથ યાત્રીઓની પ્રથમ બેચને આજે વહેલી સવારે જમ્મુ બેઝ કેમ્પથી લીલીઝંડી આપી દેવામાં આવી હતી. પ્રથમ બેચમાં ૫૦૦૦થી વધારે શ્રદ્ધાળુઓ રહેલા છે. ગુરૂવારના દિવસે કેન્દ્રિય ગૃહ પ્રધાન



રાજનાથસિંહ પણ અમરનાથની ગુફામા દર્શન કરનાર છે. રાજનાથસિંહ અમરનાથમાં દર્શન કરનાર શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડીમાં સામેલ રહેશે. અમરનાથ યાત્રાની શરૂઆત થાય તે પહેલા જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોહરાના નેતૃત્વમાં બેઠક યોજાઈ હતી. જેમાં અમરનાથ શ્રાઈન બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી પીકે ત્રિપાઠીએ કહ્યું હતું કે કુલ ૨૦૪૫૦૮ શ્રદ્ધાળુઓએ નોંધણી કરાવી છે. જે પૈકી ૨૨૧૦૪ લોકોએ પવિત્ર ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે હેલિકોપ્ટર ટિકિટની ખરીદી કરી છે. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં હિમાલયન ગુફામાં અમરનાથના દર્શન કરવા માટે લાખો શ્રદ્ધાળુઓ તૈયાર થઈ ચુક્યા છે. આ ગુફા દરિયાઈ સપાટીથી ૧૪૫૦૦ની ઉંચાઈ ઉપર સ્થિત છે. કુદરતી રીતે અહીં શિવલિંગનું નિર્માણ થાય છે.

શ્રદ્ધાળુઓ બે પહાડી ટ્રેકથી અમરનાથ યાત્રા હાથ ધરે છે, જેમાં દક્ષિણ કાશ્મીરના પહેલગામ અને ઉત્તર કાશ્મીરના બલતાલ રુટનો સમાવેશ થાય છે. દરમિયાન અમરનાથ યાત્રાની શરૂઆત થાય તે પહેલાં જ જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ઉપર પ્રતિબંધાત્મક આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય હાઈવેને વાર્ષિક હિંદુ યાત્રા તરીકે ગણવામાં આવે છે. જિલ્લા મેજીસ્ટ્રેટ રામબાણે સીઆરપીસીની કલમ-૧૪૪ હેઠળ નિયંત્રણો લાગુ કરી દીધા છે, જેથી કોઈપણ મોટી સંખ્યામાં લોકો કોઈ એક જગ્યાએ લોકો એકત્રિત થઈ શકશે નહીં, કોઈપણ પ્રકારના દેખાવો કરી શકાશે નહીં. આ નિયમો શુક્રવારે નમાજ માટે લાગુ થશે નહીં. આ વખતે જમ્મુ-કાશ્મીરમાં ભાજપ અને પીડીપીનીસરકાર હોવાથી સામાન્ય લોકોને પણ વધારે રાહત દેખાઈ રહી છે. વધુ સંખ્યામાં લોકો ભાગ લે તેવા સંકેત પણ છે.

## ઈન્ડોનેશિયન દુર્ઘટનામાં મૃતાંક વધીને ૧૪૧

મેદન,તા. ૧

ઈન્ડોનેશિયામાં વિમાન દુર્ઘટનામાં મોતનો આંકડો આજે વધીને ૧૪૧ ઉપર પહોંચ્યો હતો. શહેરમાં હોસ્પિટલમાં રહેલા પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે ૧૪૧ મૃતદેહો મળી ગયા છે. એરફોર્સ દ્વારા વિમાનમાં રહેલા લોકોની સંખ્યાના આંકડામાં આજે સુધારો કર્યો હતો. ગઈકાલે કહેવામાં આવ્યું હતુ કે વિમાનમાં ૧૧૩ લોકો હતા. જો કે આજે સુધારો કરીને કહેવામાં આવ્યુ હતુ કે વિમાનમાં ૧૨ ક્રુ મેમ્બરો સહિત ૧૨૨ લોકો હતા. જમીન પર નિવાસી વિસ્તારમાં તુટવાથી નીચે પણ ઘણા લોકોના મોત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ઊડાણ ભર્યા બાદ ટૂંકાગાળામાં જ ઈન્ડોનેશિયન લશ્કરી વિમાન તુટી પડ્યું હતું. જેથી તેમાં આગ ફાટી નિકળી હતી. ઈમારતોને પણ ભારે નુકશાન થયું હતું. ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી. જ્યારે નીચે પડેલી કાર અને અન્ય વાહનોમાં આગ ફાટી નિકળી હતી. ઈન્ડોનેશિયન દ્વીપ સુમાત્રા નજીક ૨૦ લાખથી વધુની વસ્તી ધરાવનાર શહેર મેદનના નિવાસી વિસ્તારમાં હરક્યુલસ સી-૧૩૦ વિમાન ધડાકા સાથે તુટી પડ્યું હતું. એરફોર્સના વડાએ માહિતી આપતા કહ્યું હતું કે, એરફોર્સના પરિવહનના વિમાનમાં ૧૨૨ યાત્રિઓ અને ૧૨ વિમાની કર્મચારીઓ હતા એ વેળા જ આ વિમાન તુટી પડ્યું હતું. ઘણા યાત્રિઓ સર્વિસમેનના પરિવારના સભ્યો પણ હતા. વિમાને મેદન એરબેઝથી ઉડાણ ભરી હતી. ૫૧ વર્ષ જુનુ આ વિમાન હતું જે હાલમાં જ બનાવવામાં આવેલી નવી ઈમારત પર તુટી પડ્યું હતું. ઈન્ડોનેશિયાના ઉત્તરીય સુમાત્રા નજીક મેદન વિસ્તારમાં એરફોર્સ કાર્ગો વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરાઈ હતી. મેદનને ઈન્ડોનેશિયાના ત્રીજા સૌથી મોટા શહેર તરીકે ગણવામાં આવે છે. ઘટના સ્થળેથી મૃતદેહોને તરત એમ્બુલેન્સ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા. એક દશકમાં બીજી વખત મેદનમાં ખતરનાક વિમાન દુર્ઘટના થઈ છે. ૨૦૦૫માં પણ મંડેલા એરલાઈન્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું જેમાં ૧૫૦ યાત્રિઓના મોત થયા હતા. ઉડાણ ભર્યા બાદ ભારે વસ્તી ધરાવતા વિસ્તારમાં વિમાન તુટી પડ્યું હતું. મેદન મુખ્ય દ્વીપ શહેર જાવાની બહાર સૌથી મોટું ઈન્ડોનેશિયન શહેર છે. આર્થિક રીતે પણ મુખ્ય કેન્દ્ર છે. ઈન્ડોનેશિયન એરફોર્સને ઘણા બનાવનો સામનો કરવો પડ્યો છે. જુન ૨૦૧૨માં જાકરતામાં ફોકર-૨૭ વિમાન તુટી પડ્યું હતું જેમાં ૧૧ જવાનોના મોત થયા હતા. એપ્રિલમાં એફ-૧૬ વિમાન તુટી પડ્યું હતું. ઈન્ડોનેશિયન એરએશિયાનું વિમાન ડિસેમ્બરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું જેમાં ૧૬૨ લોકોના મોત થયા હતા. મસાજ પાર્લર અને નાનકડી હોટલ સાથે આ વિમાન અથડાયું હતું જેથી વિમાનમાં આગ ફાટી નિકળી હતી. બચાવ અને રાહત કામગીરીમાં સામેલ લોકોએ કહ્યું છે કે, બનાવમાં કોઈનો પણ બચાવ થયો નથી. તપાસ હજુ પણ ચાલી રહી છે. ઈન્ડોનેશિયન વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી આમાં સફળતા મળી નથી. કારણ કે મોટા ભાગના પ્રવાસી ખરાબરીતે દાજી ગયા હતા. વિમાન તુટી પડતા તેમાં ભીષણ આગ ફાટી નિકળી હતી. જેથી હવે તંત્ર સામે પણ પડકારરૂપ સ્થિતી સર્જાઈ છે. બીજી બાજુ સગાસંબંધીઓમાં આ બનાવ બાદ આઘાતનુ મોજુ ફરી વળ્યું છે.

## ઇન્ડિગો સહિત ત્રણ કંપની આઈપીઓ લાવવા તૈયાર

નવીદિલ્હી,તા. ૧


શેરબજાર ઉપર ગ્રીસ કટોકટીની સીધી અસર થઈ રહી હોવા છતાં ઓછામાં ઓછી ત્રણ હાઈપ્રોફાઈલ કંપનીઓ આવનાર દિવસોમાં આઈપીઓ લાવવાની તૈયારીમાં છે. જે સંકેત આપે છે કે, કેટલાક વર્ષ બાદ આઈપીઓ માર્કેટમાં ફરી તેજી પરત ફરી રહી છે. પોલિસી મેકર્સ અને ઈન્વેસ્ટરો માટે ખુશીની બાબત એ છે કે, ત્રણેય કંપનીઓ ઈન્ટરગ્લોબલ એન્ટરપ્રાઈઝિસ, સ્ટાફિંગ ફર્મટીમલીઝ અને ઈન્ટરનેટ રિટેલર ઈમ્ફીબિમ દ્વારા આઈપીઓ લાવવા માટે સેબી સમક્ષ મુસદ્દા પેપરો જમા કરાવી દીધા છે. આ કંપનીઓ આઈપીઓ મારફતે ૨૦૦૦ કરોડતી વધુ રકમ મંજુર કરવાની યોજના ધરાવે છે. ડિસેમ્બર ૨૦૧૪ના પરિણામની સાથે જ આઈપીઓ માટે પેપર જમા કરાવવાની છેલ્લી તારીખ સોમવારની રાખવામાં આવી હતી. ઈન્ટરગ્લોબલ એન્ટરપ્રાઈઝેદેશની સૌથી મોટી લોકોસ્ટ એરલાઈન કંપની ઈન્ડીગોની ચલાવે છે. તે આઈપીઓ મારફતે ૧૨૫૦ કરોડ રૂપિયા ઉભા કરવા માગે છે. જ્યારે ટીમલીઝ અને અન્ય એક કંપની ૪૫૦-૫૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે જ્યારે છેલ્લા ૧૦ દિવસમાં કૈફેકાફીડે, મેટરિસ્ક સેલ્યુલર અને આરબીએલ બેંક દ્વારા પણ આઈપીઓ લાવવા માટે સેબીની સમક્ષ રજૂાત કરવામાં આવી ચુકી છે. બેંગ્લોરમાં હેડક્વાર્ટર ધરાવતી કૈફેકાફી બે આઈપીઓ મારફતે ૧૧૫૦ કરોડ રૂપિયા ઉભા કરવા માંગે છે જ્યારે આરબીએલ બેંક ૧૧૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે.

મેટ્રિક સેલ્યુલર અને સદભાવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્રમશ ૫૦૦ અને ૬૫૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. આઈસીઆઈસીઆઈના ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગના ઈવીપી રવિ સરદાનાએ કહ્યું છે કે, ઘણા વર્ષ બાદ આગામી થોડાક સપ્તાહમાં અમે ૧૦૦૦ કરોડથી પણ વધુના આઈપીઓ જોઈ શકીશું.

## દાર્જીલિંગમાં ભેખડ ધસી પડતા ૨૮ના થયેલા મોત

સિલીગુડી,તા.૧

પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ પહાડી વિસ્તારમાં ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડતા ૨૮ લોકોના મોત થયા છે. ભારે દહેશતના લીધે લોકોની હાલત કફોડી બની ગઈ છે. મંગળવાર બાદથી દાર્જિલિંગ જિલ્લામાં સતત ભારે વરસાદ



થઈ રહ્યો છે જેથી ભેખડો ધસી પડવાના શ્રેણીબદ્ધ બનાવો બન્યા છે. મોટી સંખ્યામાં લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા છે. હજુ સુધી ૨૮ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. ૨૦ મૃતદેહ મિરિકમાં મળ્યા છે જ્યારે છ લોકોના મૃતદેહ કાલિમકોંગ ખાતે મલ્યા છે. અન્ય બે મૃતદેહ જુદા જુદા વિસ્તારમાંતી મળી આવ્યા છે. ભેખડો ધસી પડવાના પરિણામ સ્વરુપે સિક્કિમ સાથેની પહાડી લાઈન સાથે સંપર્ક કપાઈ ગયો છે. નેશનલ હાઈવે નંબર ૩૧ અને ૧૦ ઉપર ભારે વરસાદના કારણે રસ્તા બંધ થઈ ગયા છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું છે કે, દાર્જિલિંગ પહાડીઓમાં ભારે વરસાદ થયા બાદ સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. જલપાઈગુડી જિલ્લામાં ઓછામાં ઓછા ૫૦૦૦ હજાર લોકોને પાણી ભરાઈ જવાના કારણે અસર થઈ છે. જિલ્લા વહીવટીતંત્રએ રેડએલર્ટની જાહેરાત કરી છે. તિસ્તા અને તોરસા નદીના પાણીની સપાટી ભયજનક સ્તર પર પહોંચી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુને પરિસ્થિતિની સમીક્ષા કરવા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા માટે કહ્યું છે.

## સુષ્મા સ્વરાજની હકાલપટ્ટીની કોંગ્રેસની ફરીવાર ઉગ્ર માંગણી

નવીદિલ્હી,તા. ૧

ભાજપ સરકાર ઉપર પ્રહારોને વધુ તીવ્ર બનાવીને કોંગ્રેસે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર દબાણ વધાર્યું હતું. આઈપીએલના પૂર્વ વડા લલિત મોદીએ તેમના એડવોકેટ પતિ સ્વરાજ કૌશલને નોકરીની ઓફર કરી હતી તેવા નવેસરના અહેવાલ આવ્યા બાદ સુષ્મા સ્વરાજની તાત્કાલિક હકાલપટ્ટી કરવા માટે કોંગ્રેસે આજે માંગ કરી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, હવે સ્પષ્ટ પુરાવા આવ્યા છે કે, લલિત મોદીએ વિદેશમંત્રી નજીકના સંબંધિને નોકરીની ઓફર કરી હતી. સિંઘવીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, નક્કર પુરાવા આવ્યા બાદ હવે સુષ્મા સ્વરાજની હકાલપટ્ટી થાય તે જરૂરી છે. ભાજપ સરકાર ઉપર પ્રહારો



કરતા સિંઘવીએ કહ્યું હતું કે, એક બાજુ મૌન જાળવી રાખીને આરોપીઓનો બચાવ કરવામાં આવી રહ્યો છે અને બીજી બાજુ ક્લીનચીટ પણ આપવામાં આવી રહી છે. આ બાબતો ચાલી શકે નહીં.લોકો જવાબ ઈચ્છે છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતુ કે, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે બ્રિટનમાં તાત્કાલિક પ્રવાસ દસ્તાવેજો મેળવવા લલિત મોદીને મદદ કરી હતી. આઈપીએલના પૂર્વ વડા લલિત મોદીને સ્વરાજ કૌશલની મદદ કરવા માટે કહેવામાં આવ્યું હતું. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લલિત મોદી દ્વારા એપ્રિલ મહિનામાં મોકલવામાં આવેલા ઈમેઈલમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ હતો જેમાં લલિત મોદીએ અલ્ટરનેટ ડિરેક્ટર તરીકે કામ કરવા સ્વરાજના પતિને કહ્યું હતું. જો કે, મોડેથી સ્વરાજ કૌશલે આ આક્ષેપોનો રદિયો આપ્યો હતો. સમાચાર ચેનલ સાથેની મુલાકાતમાં સ્વરાજ કૌશલે કહ્યું હતું કે, ૨૦ વર્ષ તેઓ લલિત મોદીના વકીલ રહી ચુક્યા છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે, મોદીએ કેટલાક પુરાવા પણ આપ્યા હતા. સમગ્ર મામલામાં ખુલાસાઓ કરવા વડાપ્રધાન અને ભાજપને કોંગ્રેસે પડકાર ફેંક્યો છે.

## વિમ્બલ્ડન : ફેડરર, નડાલની બીજા દોરમાં સરળ આગેકૂચ

લંડન,તા. ૧

ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાઈ રહેલી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં સ્ટાર ખેલાડીઓએ પોતપોતાની મેચ જીતીને બીજા રાઉન્ડમાં આગેકૂચ કરી દીધી છે. રોજર ફેડરર, રાફેલ નડાલ, પેટ્રા ક્વિટોવા જેવા ખેલાડી જીત મેળવીને આગામી રાઉન્ડમાં આગેકૂચ કરી ચુક્યા છે. આ વખતની વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ ઘણા ખેલાડીઓ માટે પડકારરુપ બની રહે તેમ માનવામાં આવે છે જેમાં રોજર ફેડરર, રાફેલ નડાલનો સમાવેશ થાય છે. નડાલ અને રોજર ફેડરરે પ્રથમ રાઉન્ડમાં સરળ જીત મેળવી હતી. ગયા વર્ષે વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં ચોથા રાઉન્ડમાં ફેંકાઈ ગયેલા નડાલે બ્રાઝિલના થોમસ ઉપર સીધા સેટોમાં ૬-૪, ૬-૨, ૬-૪થી જીત મેળવી હતી. ભરચક સ્ટેડિયમમાં આ મેચ રમાઈ હતી જેમાં નડાલે બે કલાક અને ૧૧ મિનિટમાં જીત મેળવી હતી. નડાલે જીત બાદ કહ્યું હતું કે, તે હવે બીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. નડાલ માટે પડકાર સરળ નથી. બીજા રાઉન્ડમાં તે જર્મનીના ડસ્ટીન સામે ટરરાશે જે અનેક સ્ટાર ખેલાડીઓને હાર આપી ચુક્યો છે. બીજી બાજુ ૧૭ ગ્રાન્ડસ્લેમ જીતી ચુકેલા રોજર ફેડરરે પણ પોતાના હરીફ ખેલાડી ઉપર ૬-૧, ૬-૩, ૬-૩થી ૬૮ મિનિટમાં જીત મેળવી હતી. દરમિયાનમાં મહિલાઓના વર્ગમાં કેટલાક ઉલટફેર થવાની શરૂઆત થઈ ગઈ છે. સિમોના હેલેફની હાર થઈ ગઈ છે. ત્રીજી ક્રમાંકિત ખેલાડીની સ્લોવાકિયાના ખેલાડી સામે ૫-૭, ૬-૪, ૬-૩થી હાર થઈ હતી. તેની હારથી કેટલાક ટેનિસ ચાહકો નિરાશ થયા હતા. બીજી બાજુ આ વખતે સેરેના વિલિયમ્સ, મારિયા શારાપોવા, વિનસ વિલિયમ્સ અને ક્વિટોવા મહિલા વર્ગમાં હોટફેવરિટ તરીકે દેખાઈ રહી છે.